SABARMATI FESTIVAL DAY 5

નથી મળવાનો,
તુટ્યો ફૂટ્યો ત્યાં કોઈ જામ નથી મળવાનો.
લાખ જન્નત તું દેશે મને મારા ખુદા,
મારા ઘર જેવો ત્યાં આરામ નથી મળવાનો.

**હાલના ફિલ્મી સંગીતનું સ્તર અને ગઝલનું ભવિષ્ય કેવું લાગે છે?**

આ અંગે તો એક બુક લખી શકાય. આ એવું ગીત છે, જે બનાવવાથી નથી બનતું, બસ બની ગયું. બધી ખૂબ સુંદર વસ્તુઓ એક સાથે ભેગી થઈ અને આ એક ગીત થયું

**તમારી કોઈ અધૂરી ઈચ્છા જે તમે પૂરી કરવા માગો છો?**

કલાકારને સંતોષ થઈ જાય તો તે કલાકાર મટી જાય છે. કલાકાર હંમેશાં કંઈક નવું શોધતો રહે છે, માટે ઘણું કરવાનું બાકી છે. સંગીતના ક્ષેત્રમાં મારે હજુ ઘણાં આગળ વધવાનું છે

**નિકલો ન બેનકાબ ઝમાના ખરાબ હૈ**

પંકજ ઉધાસ સ્ટેજ પર આવે તે પહેલાં જ આખો ટાગોર હોલ હાઉસફૂલ થઈ ગયો હતો. સીડી અને પગથિયા પર પણ ઊભા રહેવાની જગ્યા રહી નહતી. પંકજ ઉધાસની દરેક રજૂઆતને ઓડિયન્સને તાળીઓના ગડગડાટથી વધાવી રહતી. 'આપ જિનકે કરીબ હોતે હૈં, વો બડે ખુશનસીબ હોતે હૈં'થી શરૂઆત કર્યા બાદ પંકજ ઉધાસે 'નિકલો ન બેનકાબ ઝમાના ખરાબ હૈં'












# હાર્ટ વિનિંગ ડાન્સ પરફોર્મન્સ



સાબરમતી ફેસ્ટિલવના છેલ્લા દિવસે ફેસ્ટિવલ દરમિયાન યોજાયેલી કોમ્પિટિશન્સમાં વિનર થયેલી ટીમ દ્વારા ડાન્સ રજૂ કરવામાં આવ્યા હતા. જાણીતા કલાકાર ભરત બારિયા અને અક્ષય પટેલે તેમનો લોકપ્રિય ટીમલી ડાન્સ રજૂ કર્યો હતો. આ સાથે એસએમપિક કોલેજના નગારા ડાન્સ, બેડાં ડાન્સ અને રાસે પણ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રસંગે કલાકારોનો ઉત્સાહ વધારવા રાજ્યપાલ ઓ.પી. કોહલી, અનાર પટેલ સહિત સાબરમતી ફેસ્ટિવલના ટ્રસ્ટીઓ, ગુજરાતી ફિલ્મોના જાણીતા કલાકાર નરેશ કનોડિયા-હિતુ કનોડિયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

